**અગત્યનો પરિપત્ર**

ક્રમાંક–મઉમશબ/ક/૪૬૪૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦.બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૪/૧૨/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી (તમામ),
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ),
ગુજરાત રાજ્ય.

વિષય– ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો, ૨૦૦૫ ના વિનિયમ–૩૦ અને ૩૧ની જોગવાઈમાં થયેલ સુધારાનું અમલીકરણ કરવા બાબત.

સંદર્ભ–(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો,૨૦૦૫. (તા.૩૦/૦૮/૨૦૨૨ થી અદ્યતન)
(૨) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૨૪/ સિ.ફા.૦૨/છ, તા.૦૬/૧૨/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભ ક્રમાંક–૨ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો, ૨૦૦૫ ના વિનિયમ–૩૦ અને ૩૧ની હાલની જોગવાઈમાં નીચે મુજબ સુધારો કરવામાં આવેલ છે.

| ક્રમ | સુધારેલ જોગવાઈ |
|---|---|
| ૧ | ૩૦(૩) બોર્ડની મુખ્ય પરીક્ષામાં ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ **GROUP-B** સાથે ઉત્તીર્ણ થયેલ ઉમેદવાર ઈચ્છે તો જે વર્ષે **GROUP-B** સાથે પરીક્ષા પાસ કરી છે તે વર્ષની મુખ્ય પરીક્ષા પછીની તુરત જ ની પૂરક પરીક્ષા અથવા તે પછીના વર્ષોની મુખ્ય પરીક્ષા/પૂરક પરીક્ષા ધોરણ–૧૨ ગણિત વિષય સાથે પૃથક્ ઉમેદવાર તરીકે આપી શકશે. |
| ૨ | ૩૧(૪) (૧) બોર્ડની જાહેર પરીક્ષાનો પુન: પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે.<br>(૨) ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં **GROUP-B** સાથે અનુત્તીર્ણ રહેલ ઉમેદવાર પુન: પરીક્ષાર્થી તરીકે **GROUP-B** ના બદલે **GROUP-A** અથવા **GROUP-AB** પસંદ કરી પરીક્ષા આપી શકશે. |
| ૩ | ૩૧(૫) (૧) ધોરણ–૧૧ વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં અથવા બીજા સત્રના અંત સુધીમાં **GROUP-A** અથવા **GROUP-B** અથવા **GROUP-AB** માંથી કોઈપણ ગ્રૂપ બદલીને ધોરણ–૧૧ નો અભ્યાસ કરી શકશે.<br>૩૧(૫) (૨) જો કોઈ વિદ્યાર્થી ધોરણ–૧૧ વિજ્ઞાન પ્રવાહ **GROUP-A** અથવા **GROUP-B** અથવા **GROUP-AB** સાથે ઉત્તીર્ણ થયેલ હોય તો તે ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કોઈપણ ગ્રૂપ પસંદ કરીને અભ્યાસ કરી શકશે. |

આ સાથે સામેલ ઠરાવ મુજબ પરીક્ષા વિનિયમની હાલની જોગવાઇ–૩૦ અને ૩૧માં થયેલ સુધારાને ધ્યાને લઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ શિક્ષકો/વિદ્યાર્થીઓ/વાલીઓ/ સંબંધિત તમામને આ સુધારા અંગે જાણ કરી માર્ગદર્શન આપવાનું રહેશે.

સદર સુધારેલ જોગવાઈ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહની ફેબ્રુઆરી–૨૦૨૫ માં યોજાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર જો કોઈ ઉમેદવાર આ સુધારેલ જોગવાઈનો લાભ લેવા ઈચ્છતા હોય તો તેવા ઉમેદવારોના ફેબ્રુઆરી–૨૦૨૫ની પરીક્ષા માટે ઓનલાઈન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ આઉટમાં ગ્રૂપની સામે લાલ પેનથી સુધારો કરી શાળાના લેટરહેડ આધારસહ સાથે બોર્ડની ગાંધીનગર ખાતેની વિજ્ઞાન પ્રવાહની "ક–શાખા"માં શાળા મારફતે રૂબરૂમાં તા.૦૬/૦૧/૨૦૨૫ સુધીમાં દરખાસ્ત કરવાની રહેશે.

નાયબ અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**બિડાણ** – ઉપર મુજબ

**નકલ રવાના :-**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ) તરફ જાણ તથા તાબા હેઠળની તમામ શાળાઓને જાણ અને અમલવારી સારુ.
- સદર કચેરીના તમામ પરીક્ષા શાખાના વડાશ્રીઓ તરફ જરૂરી આનુષાંગિક કાર્યવાહી કરવા સારુ.

C | 1

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-2005ના વિનિયમ ક્રમાંક: ૩૦ અને ૩૧ માં સુધારા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૨૪/સિં.ફા.૦૨/છ

સચિવાલય, ગાંધીનગર.

તા: 06 DEC 2024

વંચાણે લીધા :-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૧૪/૦૬/૨૦૨૪ ની સિંગલ ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-2005

આમુખ :-

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) દર્શિત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-2005માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૧૪/૦૬/૨૦૨૪ ની સિંગલ ફાઇલ પર વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના વિનિયમ ક્રમાંક - ૩૦ અને ૩૧ માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-2005માં આ સાથે સામેલ પત્રક-અ મુજબ દર્શાવેલ હાલની જોગવાઈને બદલે સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઇલની તા.૧૪/૦૬/૨૦૨૪ની નોંધ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Bhaidls.

(એ.જી.ચૌધરી)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર

10/12/24

નકલ રવાના:

૧) માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો, ૨૦૦૫ ના વિનિયમ-૩૦ અને ૩૧ની જોગવાઇમાં સુધારો કરવા બાબતના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૨૪/સિં.ફા.૦૨/૭, તા. નું બિડાણ

પત્રક-અ

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૩૦ | હાલમાં જોગવાઇ નથી. | 30(3) બોર્ડની મુખ્ય પરીક્ષામાં ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ ગ્રૂપ-B સાથે ઉત્તીર્ણ થયેલ ઉમેદ્વાર ઇચ્છે તો જે વર્ષે ગ્રૂપ-B સાથે પરીક્ષા પાસ કરી છે તે વર્ષની મુખ્ય પરીક્ષા પછીની તુરત જ ની પૂરક પરીક્ષા અથવા તે પછીના વર્ષોની મુખ્ય પરીક્ષા/પૂરક પરીક્ષા ધોરણ-12 ગણિત વિષય સાથે પૃથક્ ઉમેદવાર તરીકે આપી શકશે. |
| ૩૧ | ૩૧(૪) બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે. | ૩૧(૪) (1) બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે.<br>(2) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં ગ્રૂપ-B સાથે અનુત્તીર્ણ રહેલ ઉમેવાર પુનઃ પરીક્ષાર્થી તરીકે ગ્રૂપ-B ના બદલે ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB પસંદ કરી પરીક્ષા આપી શકશે. |
| | ૩૧(૫) ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં ગ્રૂપ-A, B અને AB માંથી કોઈપણ ગ્રૂપમાં બદલીને ફેરફાર કરી શકશે. | (1) ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં અથવા બીજા સત્રના અંત સુધીમા ગ્રૂપ-A અથવા ગ્રૂપ-B અથવા ગ્રૂપ-AB માંથી |

C/17

| | | |
|---|---|---|
| | | કોઈપણ ગ્રૂપ બદલીને ધોરણ-11 નો અભ્યાસ કરી શકશે.<br>(2) જો કોઈ વિદ્યાર્થી ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહ ગ્રૂપ-A અથવા ગ્રૂપ-B અથવા ગ્રૂપ-AB સાથે ઉત્તીર્ણ થયેલ હોય તો તે ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં કોઈપણ ગ્રૂપ પસંદ કરીને અભ્યાસ કરી શકશે. |

(એ.જી.ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર